# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
## સરદારકૃષિનગર–૩૮૫૫૦૬
## જિ.બનાસકાંઠા

**જા.નં.સદાંકૃયુ/રજી/એ.૩.૧/ ૬૪૧૩ -૩૩ /૨૦૧૯.** **તા.૦૩ .૦૮.૨૦૧૯**

## –:: પરિપત્ર ::–

અત્રેની યુનિવર્સિટી તરફથી **કોસમોસ ડિટેકટીવ એન્ડ સીકયોરીટી સર્વિસ, ગાંધીનગરને** કેમ્પસ વિસ્તાર(પ્રિસ્ટેડ કવાર્ટર સહિત)ની તથા જુદા જુદા વિભાગો અને કચેરીઓને સલામતી પૂરી પાડવા માટેનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો.જૈની મુદત તા.૩૧–૦૭–૨૦૧૯ના રોજ પૂર્ણ થયેલ છે અને નવી સીકયોરીટી **જેનીટર ઈન્ટેલીજન્સ સીકયોરીટી, પાટણને તા.૦૧–૦૮–૨૦૧૯ની** અસરથી કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. આ સંજોગોમાં **કોસમોસ ડિટેકટીવ એન્ડ સીકયુરીટી સર્વિસ, ગાંધીનગર** પાસેથી માલ–મિલ્કતને કે કોઈ અન્ય નુકશાન પેટે જો કોઈ વસુલાત કરવાની બાકી રહેતી હોય તો સીકયોરીટી કંપનીના જુલાઈ–૨૦૧૯ માસના પગાર બીલમાંથી વસુલાત કરી શકાય. તદઅનુસાર આપના વિભાગ ધ્વારા જો કોઈ વસુલાત બાકી રહેતી હોય તો તેની માહિતી અત્રેની કચેરીને **દિન–૭માં** આધાર–પુરાવા સાથે મોકલી આપવા જણાવવામાં આવે છે. તેમ છતાં જો આપની કચેરી તરફથી સમયમર્યાદામાં માહિતી મોકલવામાં નહિ આવે તો જે કોઈ વસુલાત બાકી રહેવા પામશે તો તે અંગેની સઘળી જવાબદારી સંબધિત કચેરી વડાશ્રીની રહેશે. વસુલાત અંગેની માહિતી સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે.

**કુલસચિવ**

**નકલ રવાના:-**

૧: અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૨: ચેરમેનશ્રી, સીકયોરીટી કમિટી અને સંશોધન નિયામકશ્રી, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ.
૩: નિયામકશ્રી,આઈ.ટી વિભાગ,સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ જાણ તેમજ સદર પરિપત્ર વેબસાઈટ ઉપર મુકવા તથા યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને ઈ–મેઈલ ધ્વારા જાણ કરવા સારૂ.
૪: હિસાબ નિયામકશ્રી, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ.
૫: હિસાબી અધિકારીશ્રી(કેશ), સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ.
૬: કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ.
૭: સલામતિ અધિકારીશ્રી/મદદનીશ સલામતી અધિકારીશ્રી,સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ.
૮: પરિપત્ર ફાઈલ/સિલેકટ ફાઈલ

DHARTI/ADM-III/03/08/2019